Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# ગુજરાતના બિરસા મુંડા : સંત જોરીયા પરમેશ્વર

**ડૉ. મહેશકુમાર વી. ચૌધરી**
મદદનીશ પ્રાધ્યાપક , ઈતિહાસ વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

***સારાંશ :***

*ભારતની ભૂમિ વીરો અને સપૂતોની ભૂમિ રહી છે. સંઘર્ષ અને સાધના તેનાં અભિન્ન અંગો રહ્યાં છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોતાં ૧૯મી સદીમાં ભારતની ભૂમિ પર સામાજિક-ધાર્મિક આંદોલનોએ ગજબનું કાઠું કાઢ્યું હતું. સમાજમાં ચોતરફ ફેલાયેલ અંધશ્રદ્ધાઓ, કુરિવાજો વગેરે પ્રતિ થયેલ આંદોલનોની સાથે સાથે હિંદની જનતા બ્રિટીશ ગુલામીની અસહ્ય પીડાઓ પણ ભોગવી રહ્યું હતું. આ સિવાય જોઈએ તો આપણા સૌના માટે ગૌરવ સમા ૧૮૫૭ના 'બળવા', 'વિપ્લવ' કે 'પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ'માં થયેલ હલચલમાં એક રાજકીય આંદોલન કે સશસ્ત્ર લડતના દર્શન થયા. આ બધી જ ઘટનાઓની સમાંતર બ્રિટીશ શાસન હેઠળના રેવાકાંઠા એજન્સી તળેના પંચમહાલના જાંબુઘોડા વિસ્તારમાં એક પછી એક એવી ઘટનાઓ ઘટેલી જેની નોંધ ઈતિહાસમાં બહુ ઓછી લેવાયી છે. તત્કાલીન બ્રિટીશ દસ્તાવેજો, ગેઝેટિયર, રેવાકાંઠા ડિરેક્ટરી વગેરે જેવા આધારોને બાદ કરતાં વર્તમાન સમયમાં એકમાત્ર ગણમાન્ય કહી શકાય એવું કામ ગુજરાતના જાણીતા આદિવાસી ઈતિહાસકાર ડૉ.અરુણ વાઘેલાએ કરેલ છે. તેમના જ શબ્દોમાં કહીએ તો, "પંચમહાલના નાયક આદિવાસીઓની ત્રણ દાયકાની ચળવળે સ્થાનિક આદિવાસી સમાજજીવન ઉપરાંત વહીવટીતંત્રને પણ ગાઢ રીતે પ્રભાવિત કર્યું હતું. આવા મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાક્રમ વિશે પીએચ.ડી. કક્ષાનું શોધકાર્ય કે સ્વતંત્ર ગ્રંથ લેખનની શક્યતા છે."[૧] ભારતના ઈતિહાસમાં જેવું સ્થાન બિરસા મુંડાનું છે, આદિવાસીઓમાં જે ભગવાનની જેમ પૂજાય છે તેવા બિરસા મુંડા જેવું એક આદિવાસી વ્યક્તિત્વ ગુજરાતના પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના વડેક ગામે થયેલ. પ્રસ્તુત શોધપત્રમાં તેના વિશે ચર્ચા કરવામાં આવેલ છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *બિરસા મુંડા, સંત જોરીયા પરમેશ્વર, નાયક, ધરમરાજ*

## પૂર્વભૂમિકા :

ઈતિહાસલેખનના 'Subaltern' અભિગમ મુજબ આવા વંચિતો કે 'ઈતિહાસ વિહોણાઓનો ઈતિહાસ' લખવો એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત માનવી રહી. ૧૯મી સદી પૂર્વે ગુજરાતની સ્થિતિનો ચિતાર જોઈએ તો, "અઢારમા સૈકામાં ગુજરાતી સમાજ છિન્ન-ભિન્ન હતો અને અંદરોઅંદર લડ્યા કરતા ઠાકોરો અને નવાબોનાં નાનાં-મોટાં રજવાડાઓમાં ગુજરાતની વસતિ વહેંચાયેલી હતી. સેંકડો રજવાડાઓમાં કેટલાંક સ્વતંત્ર હતાં તો કેટલાંક શક્તિશાળી મરાઠાઓની કે મોગલ સુબાઓની નામની કે વાસ્તવિક સર્વોપરિતા નીચે રાજ્ય કરતાં. સતત ઝઘડા થવાને કારણે ગુજરાતનું વાતાવરણ બિનસલામીભર્યું હતું."[૨]

આવી પરિસ્થિતિમાં યોગ્ય તક જોતાં જ અંગ્રેજોએ ૧૮૧૮માં ગુજરાતનો વહીવટ પોતાના હસ્તક લીધો. બ્રિટીશ કાલીન રેવાકાંઠા એજન્સીમાં પંચમહાલના જાંબુઘોડા પાસે નારૂકોટ નામે નાનું રાજ્ય હતું. જાંબુઘોડા તેનું મુખ્ય મથક હતું. અહી મુખ્યત્વે નાયકા કે નાયકડા આદિવાસીઓ વસવાટ કરતા હતા. નારૂકોટમાં સૌપ્રથમ ટોકલભીલ નામનો રાજા રાજ કરતો હતો, પરંતુ ઈ.સ.૧૩૪૪ની આસપાસ મધ્યપ્રદેશથી મૂળ ધારના નિવાસી અને જાંબુઘોડાના રાજા વિક્રમસિંહજીના પૂર્વજો વસાજી અને લાખાજી રાજપીપળા થઈને નારૂકોટ આવ્યા. નારૂકોટમાં નારૂ નામના પટેલની મદદ લઈ રાજા ટોકલભીલ, તેમનાં રાણી અને બે કુંવરોને મોતને ઘાટ ઉતારી સત્તા પ્રાપ્ત કરી. નારૂના નામ પરથી એમણે રાજ્યનું નામ નારૂકોટ પાડ્યું. નારૂકોટના નામકરણ વિશે બીજી માન્યતા એ પણ પ્રચલિત છે કે અગ્નિ ખૂણા તરફ ચાર ફલાંગ દૂર બે પર્વતમાળાઓ વચ્ચે એક નાળી હતી, જ્યાંથી પાણીનો નિકાલ કરવામાં આવતો હતો. તેના પરથી નારૂકોટ નામાભિધાન થયેલું મનાય છે. પાછળથી આ કોટ તોડી પાડવામાં આવ્યો હતો.[૩] સ્થાનિક લોકવાયકા મુજબ આ નારૂકોટ અગાઉ ટોકલપુર નામથી ઓળખાતું હતું.

## 'નાયક' શબ્દનું મૂળ :

અત્રે જયારે જાંબુઘોડા-નારૂકોટ આસપાસના વિસ્તારના નાયક આદિવાસીઓની ચર્ચા થઈ રહી છે ત્યારે આ નાયક શબ્દનો અર્થ સમજવો પણ એટલો

જ જરૂરી છે. 'નાયક' શબ્દ 'નય' પરથી બન્યો છે. જેનો અર્થ ' Lead', ' Protect' થાય છે. સંસ્કૃત માયથોલોજી પ્રમાણે ઈન્દ્રનું એક નામ 'નાકા-નાયક' (સ્વર્ગનો ઉપરી, Chief of Heaven) હતું. દક્ષિણ ગુજરાતમાં અનાવિલો અને ઉત્તર ગુજરાતમાં તરગાળા કોમોમાં પણ નાયક અટક જોવા મળે છે.[૪] તે જ રીતે સંસ્કૃત શબ્દકોશ મુજબ નાયક માટે છ સમાનાર્થી શબ્દો છે. જેમ કે, માર્ગદર્શક, નેતા કે મુખ્યા, સેનાપતિ કે કમાન્ડર, નાટક કે નવલકથાનો નાયક, માળાનો મુખ્ય મણકો અને મુખ્ય ઉદાહરણ.[૫]

**નાયક આદિવાસીઓના સંઘર્ષનાં કારણો :**

અત્રે આપણે આ નાયક આદિવાસીઓના સંઘર્ષની શરુઆતના મૂળની વાત કરીશું. ૧૯ મી સદીના નાયક આદિવાસી આંદોલનોનો મુખ્ય નેતા હતો રૂપસિંહ નાયક. તે સ્થાનિક ગિરાસદાર હતો. રૂપસિંહના પિતા ગોબર નાયકે ગિરાસી ઝઘડામાં નારૂકોટના જાગીરદાર જગતા બારિયાના પિતાનું ખૂન કરેલું. તેના બદલારૂપે છોટાઉદેપુરના રાજાએ તેના બે સગા ભાઈઓ સાથે ભેગા મળી ગોબર નાયકનું ખૂન કર્યું હતું. આ જાગીરના વિવાદમાં નારૂકોટના જાગીરદાર જગતસિંહ બારિયા સાથે રૂપસિંહ સંઘર્ષમાં આવ્યો હતો. તેનો પ્રારંભ ૧૮૩૮માં થયો હતો.[૬] ૧૮૩૮ થી શરુ થયેલી આ લડત છેક ૧૮૬૮ સુધી નિરંતર ચાલુ રહી હતી. પોતાના જળ,જમીન અને જંગલના આધિકારો છીનવાતા લગભગ ત્રણ દાયકાઓ સુધી આ નાયક આદિવાસીઓએ અંગ્રજોને તેમજ સ્થાનિક રજવાડાને હંફાવ્યા હતા.

**આદિવાસી : અર્થ અને સંકલ્પના :**

નાયક આદિવાસીઓ વિશે વિસ્તારથી સમજીએ તે પૂર્વે આદિવાસીઓની સંકલ્પના સમજી લઈએ. નૃવંશશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ આદિવાસીઓ પર પ્રારંભિક સંશોધનો કર્યા હતા ત્યારથી લઈ ઈ.સ.૧૯૫૦માં બંધારણની રચના થઈ ત્યાર સુધી 'આદિજાતિ', 'આદિવાસી', 'ટ્રાઈબ' વગેરેની વિભાવના પરત્વે સમાજવિજ્ઞાનીઓમાં ઘણા મતભેદો હતા. આદિવાસીની સર્વસંમત વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. તેમને વ્યાખ્યાયિત કરવા માટે અનેક ધોરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેવાં કે, તેમનું નિવાસસ્થાન, અર્થતંત્ર, ભૌગોલિક વિસ્તાર, ધર્મ અને ધાર્મિક માન્યતાઓ, લોહીના નમુનાઓનું વર્ગીકરણ વગેરે. આ સંદર્ભમાં પણ તેની સર્વસંમત વ્યાખ્યા બની શકી નથી.

આદિવાસી શબ્દ માટે અંગ્રેજીમાં Tribe શબ્દ અને ફ્રેંચમાં Tribu શબ્દ વપરાય છે. જે લેટિન ભાષાના Tribus શબ્દ પરથી ઉતરી આવેલ છે. સમાજશાસ્ત્રની પરિભાષામાં એનો તરજૂમો 'આદિજાતિ' કરવામાં આવ્યો છે. 'જનજાતિ' શબ્દ કાયદાકીય અને વહીવટી અર્થ ધરાવે છે. તેથી તેઓને અનુસૂચિત જનજાતિ કહેવાય છે. Tribe શબ્દનો ઉપયોગ બ્રિટીશરો તથા માનવશાસ્ત્રીઓએ ભારતના જૂથોની વસતિગણતરી કરવા માટે કર્યો હતો.

ભારતમાં વસતિ ગણતરીની શરુઆત થઈ ત્યારથી આદિવાસીઓની વસતિ ગણતરી જુદાં-જુદાં નામોથી થયેલી જોવા મળે છે. જે નીચે મુજબ છે. :

(૧) વર્ષ ૧૮૯૧ - આદિવાસી ધર્મ પાળતા લોકો
(૨) વર્ષ ૧૯૦૧ - ગુઢ આધ્યાત્મવાદીઓ
(૩) વર્ષ ૧૯૧૧ - આદિવાસી ધર્મ / આદિવાસી ગૂઢવાદીઓ
(૪) વર્ષ ૧૯૨૧ - પહાડી વન્યજાતિ
(૫) વર્ષ ૧૯૩૧ - આદિજાતિ
(૬) વર્ષ ૧૯૪૧ - જનજાતિ
(૭) વર્ષ ૧૯૫૧ - અનુસૂચિત જનજાતિ

૧૯૫૧ થી ૨૦૧૧ની વસતિ ગણતરી સુધી આદિવાસીઓની ગણતરી અનુસૂચિત જનજાતિ તરીકે કરવામાં આવી છે.

*સંસ્કૃત*માં આદિવાસી શબ્દનો અર્થ કોઈ પણ ક્ષેત્રના-પ્રદેશના મૂળ નિવાસીઓ, જેઓ આદિકાળથી કોઈક પ્રદેશ વિશેષમાં રહેતા આવ્યા છે. એક માન્યતા મુજબ, આર્યોના આક્રમણ પહેલાં આદિવાસીઓ આરંભથી જ ભારતીય ઉપમહાદ્વીપમાં રહેતા હતા. આર્યોએ કેટલાંક આદિવાસીઓને હરાવીને દાસ બનાવી દીધા. અલબત્ત, ઉત્તર-પૂર્વ ભારતના પ્રદેશો તેમની પહોંચની બહાર જ રહ્યા. અન્ય આદિવાસીઓ જંગલો કે પહાડી પ્રદેશોમાં પલાયન કરી ગયા.આ રીતે જે પણ આદિવાસી સમુદાયો આર્યોના આક્રમણથી બચી ગયા તેઓ પોતાની સંસ્કૃતિ અને ઓળખ ટકાવવામાં સફળ રહ્યા. જો કે અહી નોંધવું જોઈએ કે વિદ્વાનોનો એક

વર્ગ આર્યો બહારથી નહોતા આવ્યા, અહીના જ મૂળ નિવાસી હોવાનું પુરવાર કરી રહ્યા છે. આથી જ આદિવાસી શબ્દ તેમને અસ્વીકાર્ય હોઈ પોતાની માન્યતાને સમર્થન આપે તેવા શબ્દો પ્રયોજતા રહે છે.

આદિવાસીઓની વિભાવના બાબતે પ્રસિદ્ધ ઈતિહાસકાર ડેવિડ હાર્ડીમેનનો મત વિશિષ્ટ અને નવતર હોવાથી ટાંકવો જરૂરી છે. *હાર્ડીમેન* ના મતાનુસાર – ભારતીય સંદર્ભમાં 'આદિવાસી' શબ્દ એટલા માટે સુસંગત છે કે એ ચોક્કસ ઐતિહાસિક ઘટનાઓ સાથે સંબંધ ધરાવે છે. એમાં ૧૯મી સદી દરમિયાન બ્રિટીશ સામ્રાજ્યવાદના સમય પહેલાં સ્વતંત્ર રહેલી અથવા તો બહારના રાજ્યોની દખલથી પ્રમાણમાં મુક્ત રહેલી વિવિધતા ધરાવતી જાતિઓને તાબે કરવાની વાત આવે છે. આ પ્રક્રિયામાં વેપારીઓ, નાણાંની ધીરધાર કરનારાઓ અને જમીન માલિકોનો ધસારો થયો. જેઓએ બ્રિટીશ રાજ્ય રક્ષણ હેઠળ આદિવાસી અને તેમની મોટાભાગની ભૂમિ પરથી હટાવ્યા. આ રીતે જે બહારનાઓએ આરંભમાં આદિવાસીઓ સાથે પ્રમાણમાં સમાનતાની ભૂમિકાએ સંબંધો સ્થાપ્યા હતા. તેઓ તેમના શોષકો અને માલિકો બની ગયા. આ અનુભવે બહારનાઓ સાથે આદિવાસીઓની પ્રતિકારની ચેતનાને જાગૃત કરી. ભારતના જુદા જુદા ભાગમાં બીજી જાતિઓ પણ આવી જ લાગણી ધરાવે છે તે અંગેની સભાનતાએ આદિવાસીપણાનો વધુ વ્યાપક અર્થ આપ્યો. આમ આદિવાસીઓની વ્યાખ્યા આપી શકાય કે , "તેઓ એવા સમૂહો છે જેમણે સદીમાં સમાન મુશ્કેલીઓ અનુભવી છે અને તેમાંથી તેમણે 'આદિવાસી' તરીકેની સામૂહિક ઓળખ પ્રાપ્ત કરી છે."

વધુમાં ડેવિડ હાર્ડીમેન તેઓના એક લેખ *"Christianity and the Adivasis of Gujarat"* માં આદિવાસી શબ્દાર્થ વિશે જણાવે છે કે, "The peoples who are focussed on in this paper tended to be defined in nineteenth century vernacular languages in terms of their 'wild' quality - as *janglijati* (literally, "wild types'). Their 'wildness' consisted in a number of qualities. They lived largely outside caste society and they did not follow Brahmanical forms of worship in any central way, having their own ritual specialists - shamanistic exorcists. Some were organised in clan-groups around a chief, being typically engaged in internal conflicts and vendettas and plundering raids on nearby areas of settled agriculture. Others lived as peaceful cultivators in areas which were mostly forested, paying a light plough-tax to their rulers. The British deployed an anthropological terminology to classify these disparate peoples. The concept of *janglijati* was mistranslated into the term 'jungle tribes', so that they became defined in terms of their habitat - the jungle (which in English meant forest rather than "wild') - and their kinship organisation - that of the clan-based tribe'. In some cases, they were defined by the colonial rulers in terms of their 'primitive' religiosity - as 'animists'. In the twentieth century there were given the bureaucratic label of 'scheduled tribes'. In reaction to all of this, many of them have claimed, assertively, to be adivasis, or 'original inhabitants'. Although none of these terms is entirely satisfactory, in this paper I shall use the latter term, as it is at least sanctioned today by the people so described."

**નારૂકોટ અને નાયક આદિવાસીઓ :**

નારૂકોટનો જાગીરદાર જગતસિંહ બારિયા ઉર્ફે જગતા બારિયા હતો. તેણે ગાયકવાડ અને અંગ્રેજોને લખેલા પત્રોમાં નાયકાઓથી બચાવવા કાકલુદીની હદે લખ્યું હતું. નારૂકોટના ઠાકોર બારિયા વંશના હતા. જે મધ્ય હિન્દુસ્તાનના ધાર સંસ્થાનના રાજપૂત કૂળના હોવાનું મનાતું. પ્રસ્તુત વિગત બારિયા ઠાકોરોએ બળજબરીથી નારૂકોટની જાગીર નાયકાઓ પાસેથી છીનવી લીધી હોવાનું સાબિત કરે છે. જે નારૂકોટ રાજ્ય અને નાયકો વચ્ચે સંઘર્ષનું મૂળ કારણ હતું.[૭]

ગાયકવાડ સરકારે આપેલ રક્ષણથી નાખુશ જગતા બારિયાએ નાયકાઓથી રક્ષણ માટે એક પત્ર અંગ્રેજ સરકારને લખ્યો હતો તે જોઈએ. (મિ. વિલોબી તત્કાલીન રેવાકાંઠા એજન્સીના પોલીટીકલ એજન્ટ હતા.) : "હું અરજ કરું છું કે, ગાયકવાડ સરકારને આપવાની મારી જમાબંદીનો આંકડો રૂ. ૪૧

નો છે અને તે હું ભરું છું અને જે વખતે સરકાર મને બોલાવે ત્યારે ત્યાં હાજર થાઉં છું. વિલોબી સાહેબની સવારી સંખેડે આવી તે વખતે બધા મેવાસીનો બંદોબસ્ત થયો હતો અને મને પણ બોલાવી મારો બંદોબસ્ત કર્યો અને મારી ખંડણી રૂ. ૪૧ ઠરાવવામાં આવી અને મારા પ્રગણામાં નાયકડાના બંદોબસ્ત વાસ્તે કેટલાંક વરસ સુધી એક થાણું બેસાડવામાં આવ્યું હતું ત્યાર પછી થાણું ઉઠી ગયું અને ફરી નાયકો તોફાન કરવા માંડયા અને મારાં ગામ ઉજજડ થઈ ગયાં ; તેટલા વાસ્તે મારી ઓરત સંખેડાના વહીવટદાર પાસે ગઈ અને અરજ ગુજારી કે , સાહેબે મારી પાસેથી ખંડણી લીધી અને મારું બરોબર રક્ષણ કર્યું. પરંતુ હવે તમે પૈસા લ્યો છો માટે તમારે મારું રક્ષણ કરવું જોઈએ. નાયકડા બળવાન થઈ ગયા છે ; હું અશક્ત છું; મારા  ઘરની ચોકી રાખવા હું બે સિપાઈ પણ રાખી શકું તેમ નથી, તેથી આપ મારી વારે આવો ; ગાયકવાડે થાણું મુક્યું છે, પણ નાયકડાનો બિલકુલ બંદોબસ્ત કર્યો નથી. અહી થાણું મુકવામાં આવ્યું, ત્યારથી ઘર લૂંટાય છે. મેં ઘણી વખત થાણામાં જઈ મામલતદારને અરજ કરી પણ તે મારી ફરિયાદ સાંભળતા નથી."[૮]

**સંત જોરીયા પરમેશ્વરની ભૂમિકા :**

ઉપરોક્ત દ્વિધાભરી પરિસ્થિતિમાં બ્રિટીશ સરકારને નિમંત્રણ મળતાં જ ૧૮૩૮ થી લઈ ૧૮૬૮ સુધી સેંકડો નાયકા-બારિયા ક્રાંતિવીરો અને બ્રિટીશરો સામે આંદોલનો ચાલ્યાં. રૂપસિંહ નાયક તેમજ અન્ય લોકોએ બ્રિટીશરોને દાયકાઓ સુધી હંફાવ્યા. પ્રસ્તુત સંશોધન લેખના સંદર્ભમાં ખાસ કરીને ૧૮૬૮ ની લડાઈઓમાં સક્રિય ભૂમિકા ભજવનાર એક વીર શહીદની ભૂમિકા સમજવાની છે. બ્રિટનથી પ્રસિદ્ધ થતા "The Cornhill" સામયિકમાં નોંધ્યું છે તેમ, "આશરે છેલ્લા નવેમ્બરમાં એક નાયકડા નારૂકોટ જિલ્લાના એક ગામમાં રહેતો. તેનું નામ યાદ નથી, પણ તેણે ભગત અથવા પવિત્ર વ્યક્તિ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેણે પોતાની કથા તેના પકડાયા પછી કહેલી અને એ એમ હતી કે તે એક દિવસ પર્વતની ટોચ પર સામાન્ય માણસની માફક જ સૂતો હતો ત્યારે બે હરણની એની સાથે ભેટ થઈ અને તેની સાથે સંવાદ થયો. તેને હરણ દ્વારા જણાવવામાં આવ્યું કે તે અભેદ્ય છે અને ચમત્કારિક શક્તિઓ ધરાવે છે, પરંતુ શું સાચે જ એ એવું માનતો એ સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી, પણ બધી જ ઘટનાઓમાં એણે જે રીતે કામ કર્યું તે પરથી એવું ભાસ થાય છે કે એ એવું માનતો હતો. ટૂંક જ સમયમાં એણે પવિત્રતાના નામે મહાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. જે બધી જ ઘટના બનવા પાછળનું મુખ્ય કારણ હતી. લાંબા સમય સુધી ફક્ત ગામના કે તેમની જાતિના જ નહી, પરંતુ ત્યાં સ્થાપિત થયેલા રૂઢીચુસ્ત સંપ્રદાયના હિંદુઓ પણ એની પગે પડતા. એ જોરીયો હતો."[૯]

૧૮૬૮ પહેલાં નાયક આંદોલનનું કેન્દ્રસ્થાન જાંબુઘોડા તાલુકાનું દાંડિયાપુરા ગામ રહ્યું હતું. પણ જોરીયા નાયક નેતા તરીકે ઊભો થતાં તેનું વતન વડેક (તા.જાંબુઘોડા) આંદોલનનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. વડેક ગામ જાંબુઘોડાથી આશરે ૪.૩ કિમીના અંતરે આવેલ છે. આ ગામના જોરીયા કાલીયા નાયક નામના યુવાને નવેમ્બર ૧૮૬૭થી ધાર્મિક વ્યક્તિ કે ભગત તરીકેનું જીવન જીવવાનું શરૂ કર્યું હતું. પ્રારંભમાં તેની પ્રવૃત્તિઓના પાયામાં ધાર્મિક અને નૈતિક ઉત્કર્ષની બાબતો કેન્દ્રસ્થાને હતી. તે નાયક ઉપરાંત આખા જાંબુઘોડા પંથકમાં સમાજ સુધારાનો સંદેશ ફેલાવવા માંગતો હતો. તેણે પ્રજામાં ધર્મ અને નીતિમત્તાનો પ્રચાર કરવા કેટલાક ઉપદેશો પણ નક્કી કર્યા હતા. જે નીચે મુજબ હતા.

(૧) શુદ્ધ અને સદાચારી જીવન જીવો, (૨) ખૂનામરકીથી દૂર રહો., (૩) લૂંટફાટ ન કરો.,(૪) આળસુ મટી પરિશ્રમ કરો., (૫) પ્રમાણિકતાથી વર્તો., (૬) અણહક્કનું લેશો નહિ., (૭) માંસાહારથી દૂર રહો, પશુહિંસા ન કરો., (૮) ધરમરાજની સ્થાપનામાં મદદરૂપ થાવ.[૧૦]

આ ઉપદેશોને ૧૯મા સૈકાના ઉત્તરાર્ધના નાયકાઓના રોજીંદા જીવન સાથે સરખાવતા તેમાં તેના ઉપદેશોનું મહત્વ ફલિત થાય છે. તે સમયે તેઓમાં હિંદુ ધર્મ સાથેનો પરિચય નહિવત હતો, બ્રાહ્મણોનો કોઈ સહવાસ ન હતો. તેમની ધાર્મિક વિધિઓમાં પણ બ્રાહ્મણોનું કોઈ જ મહત્વ ન હતું. જોરીયાની વશીકરણ શક્તિ,પ્રભાવને કારણે ઠેકઠેકાણે લોકો જોરીયાના ઉપદેશને સ્વીકારતા. કેટલાક તો જોરીયા માટે પ્રાણ આપવા માટે પણ તૈયાર હતા.

ઈ.સ. ૧૮૬૮ના જાન્યુઆરી મહિનાથી દાંડિયાપુરાનો જાગીરદાર રૂપસિંહ કે રૂપા નાયક જોરીયાનો શિષ્ય બન્યો. લાંબાગાળાથી અંગ્રેજો, દેશી

રજવાડાઓ સામે લડી રહેલો રૂપસિંહ નાયક જોરીયાનું મહત્વનું પીઠબળ બન્યો. જાંબુઘોડા અને દેવગઢ બારીયા વિસ્તારના નાયકાઓ પર તેનો જબરદસ્ત પ્રભાવ હતો. જોરીયાને રૂપા નાયકના પ્રભુત્વ અને બાહુબળનો લાભ મળે તેમ હતો તો રૂપા નાયક, જોરીયાની પ્રભાવી શક્તિના જોરે પોતાના હતુઓ પાર પાડવા ઈચ્છતો હતો. આમ જોરીયા-રૂપા નાયકનું મિલન એકબીજા માટે પૂરક બન્યું હતું. અત્યાર સુધી ધાર્મિક-નૈતિક ઉત્કર્ષ પુરતી સિમિત રહેલી જોરીયાની પ્રવૃત્તિઓ રૂપા નાયકના જોડાવાથી રાજકીય સ્વરૂપની બની. બંનેએ સાથે મળીને 'નાયકી રાજ' અને 'ધરમરાજ' સ્થાપવાના સપના સેવ્યા હતા.

ડૉ. અરુણ વાઘેલા જોરીયા પરમેશ્વરના સમય દરમ્યાન બનેલી અગત્યની ઘટનાઓના ઘટનાક્રમોની નોંધ કરે છે. તેઓ જણાવે છે તેમ , "નાયક આંદોલનનો પ્રારંભ ૧૮૩૮માં થયો હતો. ૧૮૬૮ સુધી તેના બે મહત્વપૂર્ણ તબક્કો આવ્યા. તે દરમ્યાન ચોક્કસ આયોજન અને વિચારસરણી વગર તેમના પ્રયત્નો મોટે ભાગે ઉદ્દામવાદ કે નિષ્ફળ ઈતિહાસના પ્રકરણ બન્યા હતા. ઈ.સ. ૧૮૬૮માં પરિસ્થિતિ, નેતૃત્વ જુદું હતું. વળી, તેમની પાસે અગાઉની નિષ્ફળતાઓના બોધપાઠ પણ હતા. એટલે નાયક આંદોલનનો ૧૮૬૮ નો તબક્કો રોમાંચક બન્યો હતો."[૧૧]

અત્રે ઉલ્લેખનીય છે કે જોરીયા પરમેશ્વરને અહીના આસપાસના વિસ્તારના લોકોમાં ખુબ જ ઓછા સમયમાં અત્યંત લોકપ્રિય બનવામાં સફળતા મળેલ. તેથી તેના સમયમાં નાયક આંદોલનને એક વિશિષ્ટ સ્વરૂપ મળ્યું હતું. તેમાં મુખ્ય ઘટનાઓની વાત કરીએ તો સૌપ્રથમ ૨ ફેબ્રુઆરી, ૧૮૬૮ ની રાજગઢની ઘટનામાં જોરીયા અને અન્ય નાયક આદિવાસીઓએ રાજગઢના થાણા પર હુમલો કરી બ્રિટીશરોમાં ભયનો માહોલ પેદા કર્યો હતો. ત્યારબાદ બીજા જ દિવસે ૩ જી ફેબ્રુઆરી, ૧૮૬૮ ના રોજ જોરીયો 'આધ્યાત્મિક વડો' તેમજ રૂપસિંહ નાયક 'સરદાર' હોવાની ઘોષણા થઈ. જેથી નાયક આંદોલનને વધુ વેગ મળ્યો. આમ જોરીયા પરમેશ્વરની સરકારની રચના એ નાયક ક્રાંતિકારીઓનું એક વૈજ્ઞાનિક પગલું ગણવું રહ્યું.

ત્રીજા દિવસે એટલે કે, ૪ થી ફેબ્રુઆરી, ૧૮૬૮ ના રોજ જાંબુઘોડાના સ્થાનિક પોલીસ થાણા પર રાવજી અને ગલમા નાયક દ્વારા હુમલો કરવામાં આવ્યો, કારણકે અહીના સ્થાનિક પરસોત્તમ વાણિયાએ જોરીયાનું અપમાન કર્યું હતું. જોરીયાની પવિત્રતા અને ચમત્કારિક શક્તિના પ્રતાપે બંને યોદ્ધાઓ લડાઈ લડ્યા અને જાંબુઘોડામાં પણ નાયકોએ ભયનો માહોલ પેદા કરી દીધો. ત્યાર પછી તુરત જ ૫મી ફેબ્રુઆરી, ૧૮૬૮ના રોજ જોરીયા પરમેશ્વર કપડા ખરીદવા જયારે જેતપુર (હાલનું પાવી જેતપુર) ગયો હતો ત્યારે છોટાઉદેપુરના રાજા જીતસિંહ સાથે તેનો ભેંટો થયો. આ રાજા જીતસિંહ નાયક ચળવળને કચડવા માંગતો હતો. આ બાબત તે જોરીયા સમક્ષ છુપાવતો હતો. આ સમય દરમ્યાન રાજાના જ માણસોએ નાયકો પર હુમલો કર્યો, પરંતુ જોરીયા પરમેશ્વરની સાથે રૂપસિંહ નાયક, ગલાલિયો નાયક, વુલારીયો નાયક, બાબરિયા ગલમા, ભયજી બારિયા વગેરે નાયક-બારિયા ક્રાંતિવીરોનો સાથ હોઈ સમગ્ર જેતપુરની લડાઈમાં જોરિયો સફળ રહ્યો હતો.

થોડા દિવસો સુધી તો આ આંદોલનમાં શાંતિનો માહોલ છવાયેલો રહ્યો, જો કે તે આંદોલનની સમાપ્તિ નહોતી. નાયકોએ જોરીયા ભગતની આગેવાની હેઠળ નાયક-બારિયા લડવૈયાઓનું દળ શિવરાજપુર (તા. હાલોલ) ખાતે મોકલી આપ્યું કે જ્યાં બ્રિટીશ છાવણી હતી. આ સમયે નાયકોએ સીધો જ હુમલો કરવાનું વિચાર્યું. તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૧૮૬૮ ના રોજ શિવરાજપુર ખાતે લડાયેલ લડાઈમાં જોરીયાએ ભાવસિંહ ગોબર નામના યુવાનને પોતાનો ડુપ્લીકેટ બનાવી મોકલ્યો. જો કે નાયક આદિવાસીઓના આ આંદોલનમાં દસેક ક્રાંતિવીરો શહીદ થયા હોઈ તે લડાઈ સફળ ન રહી.

જોકે શિવરાજપુરની લડાઈ બાદ બ્રિટીશરો ખૂબ જ સતર્ક થઈ ગયા હતા. તેમના માટે કોઈ પણ સંજોગોમાં જોરીયાને પકડવો એ એક પડકાર સમાન હતું. આથી તેઓએ જોરીયાની જન્મભૂમિ વડેક (તા. જાંબુઘોડા) ખાતે હુમલો કરવાનું વિચાર્યું. આ હુમલાની આગેવાની બ્રિટીશ કપ્તાન મકબર્ડએ લીધી હતી. ગાઢ જંગલ અને પહાડીઓ વચ્ચે વસેલા આ વડેક ગામમાં પ્રવેશવું અને જોરીયાને પરાસ્ત કરવો એ ખુબ જ કપરું કામ હતું. તેથી આ પડકારને પાર પાડવા માટે અસહાય એવા અંગ્રેજોએ સ્થાનિક ભીલ ટુકડીની

સહાય લીધી. ૧૬ ફેબ્રુઆરી, ૧૮૬૮ના રોજ રવિવાર હતો. તે દિવસે બ્રિટીશરો અને ભીલ કોર્પ્સની સેનાએ વડેકનો ઘેરો ઘાલી વડેક ગામને આગ લગાડી. કેટલાય નાયક-બારિયા યોદ્ધાઓ લડતા રહ્યા અને શહીદ થયા. જેમાં રૂપસિંહ નાયકનો પુત્ર વુલારીયો શહીદ થયો હતો. વડેકની આ લડાઈમાં જોરિયો જીવતો પકડાયો હતો, જયારે રૂપસિંહ અને ગલાલીયો ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. જો કે પાછળથી તેઓને જીવતા પકડવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે અંગ્રેજોને આ સફળતા ભીલ કોર્પ્સની ટૂકડી દ્વારા મળી હતી.

આખરે ૧૬મી એપ્રિલ, ૧૮૬૮ ના રોજ બ્રીટીશરો દ્વારા ખાસ કોર્ટની રચના કરવામાં આવી અને તેમાં જોરીયા પરમેશ્વર, રૂપસિંહ નાયક, ગલાલ રૂપસિંહ નાયક, રાવજી ચીમન બારિયા તેમજ બાબર ગલમા નાયક – એમ કુલ પાંચ નાયક આદિવાસીઓને ફાંસીની સજા આપવામાં આવી હતી. આજે પણ સ્થાનિક લોકો દર વર્ષે ૧૬મી એપ્રિલના રોજ 'શહીદ દિન' તરીકે ઉજવણી કરે છે.

**જોરીયા પરમેશ્વરના વારસદારો :**

જોરીયા પરમેશ્વરની પાંચમી પેઢીનું એકમાત્ર ઘર હાલ જાંબુઘોડા પાસેના ધનપુરી ગામમાં વસવાટ કરે છે. હાલના વારસદાર એવા રમેશભાઈ બલુંભાઈ નાયકને લક્ષ્મી નામે એક દીકરી તેમજ જોગીદાસ અને જયદ્રથસિંઘ નામે બે પુત્રો હયાત છે. તેઓની પેઢી વિશે પૂછતાં તેઓ માત્ર ચાર પેઢીના નામ જણાવી શક્યા છે. જેમાં રમેશભાઈ બલુંભાઈ, બલુંભાઈ પુનાભાઈ, પુનાભાઈ રામજીભાઈ. ત્યાર પછી તેઓને કોઈ પેઢીની સ્મૃતિ ન હતી.[૧૨] કદાચ રામજીભાઈ એ જોરીયા પરમેશ્વરના દીકરા હોઈ શકે, પરંતુ એ અંગે કોઈ નક્કર પુરાવા પ્રાપ્ત થયા નથી, પરંતુ એ બાબતના આધારનું દિશાદર્શન કરતો એક પ્રસંગ જોઈએ તો તા.૧૫ મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ જાંબુઘોડા ખાતે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જોરીયા પરમેશ્વરની ચોથી પેઢીના વારસદાર એવા બલુંભાઈ નાયકને સન્માનિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જોરીયા પરમેશ્વરના ગામ વડેકની પ્રાથમિક શાળાને "સંત જોરીયા પરમેશ્વર પ્રાથમિક શાળા" એવું નામકરણ કરવા સૂચન કર્યું હતું કે જેથી આવનારી પેઢીઓ પણ આ મહાન વીર શહીદને યાદ કરી શકે.

જોરીયા પરમેશ્વરના પેઢીના વારસદાર એવા રમેશભાઈ નાયકના બન્ને દીકરાઓના નામ 'જ' પરથી જ પાડવામાં આવ્યા છે. જે 'જોરીયા' શબ્દનું ગૌરવ આજે કેટલા અંશે પ્રસ્તુત છે તે બાબતની પુષ્ટિ કરે છે. આ બાબતનો એક સચોટ આધાર રૂપસિંહ નાયકના કોઠી પોયલી (તા.જાંબુઘોડા) ખાતે વસવાટ કરતા તેમના વારસદારોની મારી રૂબરૂ મુલાકાત દરમ્યાન મળ્યો. તેઓએ જણાવ્યું કે અમારી વર્તમાન પેઢીમાં એક દીકરાનું નામ રિંકેશ પાડ્યું છે. જે રૂપસિંહ નાયકના 'ર' પરથી પાડ્યું છે.[૧૩] ઉલ્લેખનીય છે કે હાલ જોરીયા પરમેશ્વરના વડેક ગામમાં એક પણ નાયક આદિવાસીનું ઘર કે જમીન નથી, જયારે ધનપુરીમાં હાલ આશરે કુલ ૩૦૦ જેટલાં ઘરોમાં પચાસેક નાયક આદિવાસીઓના ઘર છે.

જોરીયા પરમેશ્વરનું વડેક ગામ કે જેનો બ્રિટીશ કાલીન દસ્તાવેજોમાં ઉલ્લેખ 'Wurek' તરીકે કરવામાં આવ્યો છે. કોર્નહિલ મેગેઝીનમાં નોંધ્યું છે કે," વડેક ગામ કે જેનું વર્ણન કરવાનો ખાસ મોકો આવશે જ. એ "રાજવીના ગઢ કે રહેઠાણ" (Royal Residancy) તરીકે પસંદગી પામ્યું હતું. જ્યાં દૈવીય અને શાસકીય અદાલત સ્થપાઈ હતી."[૧૪]

ગુજરાતના જાણીતા આદિવાસી ઈતિહાસકાર ડૉ.અરુણ વાઘેલા જણાવે છે તેમ, "કોર્નહિલ મેગેઝીનમાં નાયક આદિવાસીઓના આંદોલનોની નોંધ લેવાઈ છે તે બાબત દર્શાવે છે કે નાયક આદિવાસીઓના આંદોલનનું મહત્વ ગુજરાત-ભારત પૂરતું જ સીમિત નહોતું.આવી રાષ્ટ્રીય રીતે મહત્વની ઐતિહાસિક ઘટના અને તેના નાયકોની આજે પણ ગુજરાતમાં પૂરતી કદર થઈ નથી."[૧૫]

સમાપન :

ટૂંકમાં કહીએ તો, ઈતિહાસમાં આજ દિન સુધી ભલે માર્યાદિત નોંધ લેવાઈ હોય, પરંતુ જોરીયો પરમેશ્વર એ ગુજરાતના ઈતિહાસમાં બિરસા મુંડા જેવું જ એક અલૌકિક પાત્ર છે. જો બિરસા મુંડાની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાતી હોય, તો સંત જોરીયા પરમેશ્વરની કેમ નહી !? ઈતિહાસ હંમેશા સાહસ, વીરતા અને બલિદાનની ગાથા ગાતું શાસ્ત્ર છે. કોઈ પણ વ્યક્તિની શહાદતનું નાનું-અમથું પ્રદાન પણ ઈતિહાસની ગરિમા જાળવી જ રાખતું હોય છે. વધુમાં જોરીયાનો સમયગાળો ખુબ જ ઓછો, પરંતુ તેનો

પ્રભાવ સ્થાનિક સ્તરના નાયક, બારિયા તેમજ અન્ય જ્ઞાતિઓ પર પડ્યો હતો. ૧૮૬૮ ના વર્ષમાં જોરીયાને અપાયેલ ફાંસી, બીજા જ વર્ષે ૧૮૬૯માં પૂજ્ય મહાત્મા ગાંધીજીનો જન્મ અને વર્ષ ૧૮૭૫માં બિરસા મુંડાનો જન્મ – આ બધી બાબતો સાથે કોઈને કોઈ રીતે સંબંધ હશે એવું માનતા સ્થાનિક આદિવાસીઓ પોતાના પૂજનીય સંત જોરીયા પરમેશ્વરને માનસિક શ્રદ્ધાંજલિ અર્પે છે. જોરીયા પરમેશ્વરને શ્રદ્ધાંજલિ અર્પતું એકમાત્ર હયાત પ્રતિક તેની જન્મભૂમિ વડેકની પ્રાથમિક શાળાને અપાયેલ નામકરણ છે. ઈતિહાસના આ અમર પાત્રને હજુ પણ વધુ અમર અને યાદગાર બનાવવા જિજ્ઞાસુઓની કેટલીક વર્તમાન અને ભાવિ પેઢી થનગની રહી છે.

**પાદનોંધ :**

૧. અરુણ વાઘેલા, સાંસ્થાનિક ગુજરાતની આદિવાસી ચળવળો, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, પૃ.૨૪૧

૨. નીરા અ. દેસાઈ,ગુજરાતમાં ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૨૦૧૫, પૃ.૮૨

૩. બીના રાઠવા, પંચમહાલનું નારૂકોટ, વિ-વિદ્યાનગર, નવેમ્બર-૨૦૧૫, પૃ.૨૨

૪. અરુણ વાઘેલા, વિસરાયેલા શહીદો, પંચમહાલના નાયક આદિવાસીઓનો આઝાદીનો જંગ (૧૮૩૮-૧૮૬૮),અક્ષર પબ્લિકેશન, અમદાવાદ,ત્રીજી આવૃત્તિ, ૨૦૨૨,પૃ.૩૭

૫. P. G. Shah, Naikas - Naikadas : A Gujarat Tribe, The Gujarat Research Society, Bombay, First Edition,1959,P.2

૬. અરુણ વાઘેલા, પૂર્વોક્ત (૪), પૃ.૫૪

૭. એજન, પૃ.૫૩

૮. રેવાકંઠા ડીરેક્ટરી , પૃ. ૩૭૦(એ)

૯. "Our Little War With the Naikras" article published in "The Cornhill Magazine", Vol. XVIII, July to December, 1868, London,P.633-640

૧૦. અરુણ વાઘેલા, પૂર્વોક્ત (૪), પૃ. ૬૪

૧૧. એજન, પૃ. ૫૯

૧૨. રમેશભાઈ નાયક (ગામ-ધનપુરી) સાથેની રૂબરૂ મુલાકાતના આધારે

૧૩. કોઠી પોયલી ગામ (તા. જાંબુઘોડા) ખાતે રૂપસિંહ નાયકના વંશજો સાથે થયેલ રૂબરૂ મુલાકાત અને નિરીક્ષણના આધારે

૧૪. "The Cornhill Magazine", Vol. XVIII, July to December, 1868, London,P.633-640

૧૫. 'સદેશ' વર્તમાનપત્રમાં તા. ૧૬ એપ્રિલ,૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ ડૉ.અરુણ વાઘેલાના લેખ પરથી